# અંતર્યામી સુણ અલવેસર

અંતર્યામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમ્હારો (૨)

સાંભળીને હું આવ્યો તીરે, જનમ મરણ દુઃખ વારો

સેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપો

આપો આપોને મહારાજ, અમને મોક્ષ સુખ આપો

સહુ કો'ના મન વાંછિત પૂરો, ચિંતા સહુની ચૂરો

પ્રભુ તમે ચિંતા સહુની ચૂરો

એવું બિરુદ છે રાજ તમારું, કેમ રાખો છો દૂરે

સેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપો

આપો આપોને મહારાજ, અમને મોક્ષ સુખ આપો

સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો

પ્રભુ તમે  મનમાં મહેર ન ધરશો

કરુણાસાગર કેમ કહેવાશો, જો ઉપકાર ન કરશો

સેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપો

આપો આપોને મહારાજ, અમને મોક્ષ સુખ આપો

લટપટનું હવે કામ નહિ છે, પ્રત્યક્ષ દરિશન દિજે

પ્રભુ મારા  પ્રત્યક્ષ દરિશન દિજે

ધુંઆડે ધીન્જુ  નહિ સાહિબ, પેટ પડ્યા પતીજે

સેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપો

આપો આપોને મહારાજ, અમને મોક્ષ સુખ આપો

શ્રી શંખેશ્વર મંડન સાહિબ, વિનતડી અવધારો

વહાલા મારા  વિનતડી અવધારો

કહે જીન હર્ષ માયા કરી મુજને, ભવસાગરથી તારો

સેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપો

આપો આપોને મહારાજ, અમને મોક્ષ સુખ આપો

અંતર્યામી સુણ અલવેસર,

મહિમા ત્રિજગ તુમ્હારો (૨)

સાંભળીને  હું આવ્યો તીરે, જનમ મરણ દુઃખ વારો

સેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપો

આપો આપોને મહારાજ, અમને મોક્ષ સુખ આપો

અમને શિવસુખ આપો  (૨)

અમને મોક્ષ સુખ આપો  (૨)

03-15-2016 - https://www.youtube.com/watch?v=y-X5jKyu1Rc